# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## ગાંધીનગર.

## અખબારી યાદી

**ગુજકેટ-૨૦૨૦**

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૯/૧૧/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક – પરચ-૧૦૨૦૧૨-૧૪૨-સ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ડીગ્રી એન્જિનિયરીંગ, ડીગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા A, B અને AB ગૃપના HSC વિજ્ઞાનપ્રવાહના ઉમેદવારો માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૦ની પરીક્ષા તા.૩૧/03/૨૦૨૦, **મંગળવારના** રોજ લેવામાં આવનારછે. ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૦ માટેની માહિતી પુસ્તિકા અને **ONLINE** આવેદનપત્રભરવાની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર મૂકવામાં આવેલ છે.

ગુજકેટ-૨૦૨૦ની પરીક્ષાનું આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ **www.gseb.org** તથા **gujcet.gseb.org** પરથી **ONLINE** ભરવાની અંતિમ તા.૧૫/૦૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ હતી. જે હવે પછીથી રૂા.૧૨૦૦/- લેઇટ ફી સાથે વધુ એક આખરી તક તા.૧૯/૦૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે. જેની શાળાના આચાર્યશ્રીઓ/વાલીઓએ તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

ગુજકેટની પરીક્ષા ફી રૂા.300/- + ૧૨૦૦ રૂા. લેઇટ ફી મળી કુલ-૧૫૦૦/- રૂા. **SBI Epay System**મારફતે **ONLINE (Credit Card, Debit Card, Net Banking)**દ્વારા અથવા **SBIEpay** ના **"SBI Branch Payment"**ઓપ્શન દ્વારા દેશની કોઈપણ **SBI Branch**માં ભરી શકશે.

સહી/-
(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ - ૧૫/૦૨/૨૦૨૦, શનિવાર
સ્થળ - ગાંધીનગર